

તસવીર : હેમંત ડેરે

દિવાળીના દિવસે પુણામાં ગટરો ઉભરાય રહી છે

દિવાળીના પર્વે પુણામાં પાલિકાની 'ગંદી ભેટ'થી શ્રદ્ધાળુઓ અને રહીશો મુશ્કેલીમાં

'સ્માર્ટ સિટી' સુરત પાલિકાની વરવી વાસ્તવિકતા છતી



સુરત : એક તરફ સમગ્ર સુરત શહેર દિવાળીના પર્વની રોશની, ફટાકડા અને ઉત્સાહમાં રંગાયેલું હતું, ત્યારે સુરતના પુણા વિસ્તારના રહીશો માટે સુરત મહાનગરપાલિકાએ 'દિવાળી ભેટ' સ્વરૂપે ભારે હાલાકી પીરસી હતી, જ્યાં પુણામાં આવેલી અર્ચના સ્કૂલની આસપાસના મુખ્ય માર્ગો પર દિવાળીના દિવસે જ ગટરનું ગંદું પાણી ઉભરાઈને ફરી વળતા રસ્તાઓ પર જાણે ગંદા પાણીની નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. તહેવારના આ પવિત્ર દિવસે જ રસ્તાઓ પર ગટરો લીકેજ થઈને વહેવા લાગતા સ્થાનિક રહીશો અને રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને આ દુર્ગંધયુક્ત તથા ગંદા પાણી વચ્ચેથી જ વાહનચાલકો તેમજ પદયાત્રીઓને પસાર થવાની ફરજ પડી હતી. ખાસ કરીને અર્ચના સ્કૂલ પાસે આવેલા પ્રખ્યાત મંદિરે દિવાળીના પર્વ નિમિત્તે દર્શન અને પૂજા-અર્ચના માટે આવતા શ્રદ્ધાળુઓની હાલત અત્યંત કફોડી બની ગઈ હતી, કેમ કે તહેવારના પવિત્ર દિવસે ભગવાનના દર્શને જતી વેળાએ ભક્તોએ ગંદા અને દુર્ગંધ મારતા પાણીમાંથી રસ્તો કાઢવો પડ્યો હતો, જેના કારણે લોકોમાં પાલિકા તંત્ર સામે આક્રોશ જોવા મળ્યો હતો.

'સ્માર્ટ સિટી' તરીકે ઓળખાતા સુરત શહેરના વિકાસના દાવાઓની પોલ ખોલતી આ ઘટનાએ પાલિકાની ડ્રેનેજ સિસ્ટમ અને વહીવટી વરવી વાસ્તવિકતા છતી કરી દીધી છે, કારણ કે તહેવારોના દિવસોમાં પણ ગટર લાઈનો ચોક થવી અને ગંદુ પાણી ખુલ્લેઆમ રસ્તાઓ પર ફરી વળવું એ તંત્રની ગંભીર બેદરકારી સ્પષ્ટપણે દર્શાવે છે. સ્થાનિક રહીશો દ્વારા અગાઉ પણ અનેકવાર આ બાબતે રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા કોઈ જ નક્કર પગલાં લેવામાં આવ્યા ન હતા.

ફોન ઓટો અપડેટ કરીને ઠગાઇ

સુરત : સાયબર ઠગો જુદા જુદા કિમીયા અજમાવીને ઠગાઇ કરવાનું છોડતા નથી અને નિર્દોષ નોકરિયાતોના ખાતામાંથી રૂપિયા ઉપડી જાય છે. પહેલા જુદી જુદી સ્કીમો ત્યાર બાદ ઊંચા નફામાં રોકાણ અને લોનના નામે ઠગાઇ થતી હતી. પરંતુ હવે આ ઠગોએ નવો કીમિયો શોધી કાઢ્યો છે અને ઓટોમેટિક મોબાઇલ અપડેટ થાય અને પછી રિસેટ થયા બાદ તરત જ ખાતા સાફ થઇ રહ્યાં છે. આવી જુદી જુદી બે ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે.

મીનીબજારના રત્નકલાકારે 85 હજાર ગુમાવ્યા

રૂ. 20 ટ્રાન્સફર નહીં થયા ત્યારે ખબર પડી નાણા ઉપડી ગયા છે

સુરતઃ યોગીચોકમાં રહેતા અને મીનીબજારમાં હીરાનું કામ કરતા 32 વર્ષીય કારીગરનો મોબાઇલ ફોન અચાનક ઓટોમેટિક અપડેટ થયા બાદ ફરી રીસેટ થઈ ગયો હતો. આ ઘટનાના થોડા કલાકો બાદ પાનના ગલ્લે માત્ર રૂ. 20નું ગૂગલ-પે પેમેન્ટ કરવા જતાં વ્યવહાર નિષ્ફળ રહ્યો હતો. શંકા જતાં બેંક બેલેન્સ તપાસ્યું તો SBIના ખાતામાંથી તેમની જાણ બહાર ટુકડે-ટુકડે રૂ. 85 હજાર ઉપડી ગયા હોવાનું સામે આવ્યું હતું.

મૂળ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના લુણકી ગામના વતની અને હાલ સુરતના યોગીચોક વિસ્તારમાં રહેતા અને હીરાનું કામ કરતાં મહેશભાઈ રામજીભાઈ ગેલાણીનો મોબાઈલ ફોન અચાનક પોતાની મેળે અપડેટ થવા લાગ્યો હતો.

આશરે 10થી 15 મિનિટ બાદ અપડેટની પ્રક્રિયા પૂર્ણ થતાં તેમણે મોબાઈલ ચેક કર્યો હતો, ત્યારે ફોન ફરી રીસેટ થઈ ગયો હોવાનું જણાયું હતું. ત્યારબાદ સાંજે આશરે આઠ વાગ્યે તેઓ ઘર નજીકના પાનના ગલ્લે ગયા હતા. પાનના રૂ. 20 ચૂકવવા માટે ગૂગલ-પે મારફતે નાણાં ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વ્યવહાર સફળ થયો નહોતો.

નાણા ટ્રાન્સફર નહીં થયા ત્યારે ખબર પડી ઠગાઇ થઇ

મોબાઇલને માલિકની જાણ બહાર અપડેટ કરી છેતરપિંડી

સુરત: ટેક્સટાઇલના કામ સાથે સંકળાયેલા ૪૮ વર્ષીય પ્રફુલભાઈ પાનસુરીયાના ખાતામાંથી અજાણ્યા શખ્સે ટુકડે-ટુકડે કુલ રૂ. ૫૪,૯૯૯ની રકમ ઉપડી જતાં તેમણે ફરિયાદ કરી છે.

મૂળ ગીર સોમનાથના તાલાલાના આંકોલવાડી ગામના વતની અને સુરતના યોગીચોક સ્થિત રાધે પાર્કમાં પરિવાર સાથે રહેતા પ્રફુલભાઈ બાબુભાઈ પાનસુરીયા ટેક્સટાઇલનો વેપાર કરે છે. ગત ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યે તેમના ફોનમાં અચાનક અપડેટ શરૂ થઈ ગયું હતું. આશરે ૨૭ મિનિટ બાદ અપડેટ પૂર્ણ થતાં તેમણે ફોન ચેક કર્યો તો મોબાઇલ રીસેટ થઈ ગયેલો હોવાનું જણાયું હતું. આ ઘટનાના બીજા દિવસે એટલે કે ૧૪ સપ્ટેમ્બરના રોજ પ્રફુલભાઈ એક ઇવેન્ટના સંચાલકને રૂ. ૪૦૦ ટ્રાન્સફર કરી રહ્યા જે થતાં ન હતાં. આથી તેમણે પોતાના પંજાબ નેશનલ બેંકના ખાતાનું બેલેન્સ તપાસ્યું હતું. તપાસ દરમિયાન તેમના ખાતામાંથી તેમની જાણ બહાર અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. ૫૪,૯૯૯ ઉપડી ગયાની જાણ થઈ હતી.

તમામ કાપડ માર્કેટ બંધ, લાભ પાંચમે વેપાર શરૂ થશે

સીસીટીવી, રોકડ અને દુકાનોની સુરક્ષા અંગે ખાસ તકેદારી રાખવા અપીલ



સુરતઃ દિવાળીના તહેવાર અને નવા વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખીને સુરતના કાપડ માર્કેટોમાં રજાઓ દરમિયાન સુરક્ષા વ્યવસ્થા મજબૂત રાખવા ફેડરેશન ઓફ સુરત ટ્રેડ એન્ડ ટેક્સટાઇલ એસોસિએશન (ફોસ્ટા) દ્વારા વેપારીઓને 11 મુદ્દાની વિશેષ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. ફોસ્ટાના પ્રમુખ હંસરાજ જૈન અને મહામંત્રી દિનેશ કટારિયાએ તમામ વેપારી ભાઈઓને સુરક્ષાના નિયમોનું ચુસ્ત પાલન કરવા અપીલ કરી છે.

ફોસ્ટા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સુરતના તમામ કાપડ માર્કેટ 8 નવેમ્બર, રવિવારે દિવાળીની પૂજા બાદ બંધ થઈ છે. હવે 14 નવેમ્બર, શનિવારે લાભ પાંચમના શુભ મુહૂર્ત સાથે માર્કેટોમાં નિયમિત વેપાર શરૂ થશે. દિવાળીની લાંબી રજાઓ દરમિયાન ચોરી, આગ કે અન્ય કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વેપારીઓને દુકાનોમાં કિંમતી ચીજવસ્તુઓ અને રોકડ રકમ રાખીને નહીં જવા સૂચના આપવામાં આવી છે.

દુકાન બંધ કરતાં પહેલાં વીજળીના સાધનો, બારીઓ અને તાળાં બરાબર તપાસવા તેમજ પૂજાના દીવા સંપૂર્ણપણે બુઝાઈ જાય ત્યાં સુધી તેની દેખરેખ રાખવા જણાવાયું છે. દુકાનમાં કોઈપણ પ્રકારનો જ્વલનશીલ પદાર્થ નહીં રાખવા પણ તાકીદ કરવામાં આવી છે. ફોસ્ટાએ તમામ વેપારીઓને પોતાના પ્રતિષ્ઠાનના સીસીટીવી કેમેરા રજાઓ દરમિયાન પણ સતત કાર્યરત રહે અને તેનું લાઇવ મોનિટરિંગ મોબાઇલથી થઈ શકે તેવી વ્યવસ્થા કરવા જણાવ્યું છે. સીસીટીવીનો બેકઅપ પણ રાખવો જરૂરી છે.

શહેરના ટ્રાફિક નિયંત્રણ માટે વધુ 600 TRB જવાનોનો ઉમેરો કરાશે

સુરતઃ શહેરમાં વધતી જતી વાહનોની સંખ્યા અને ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને ટ્રાફિક વ્યવસ્થાપન વધુ મજબૂત બનાવવા પોલીસ તંત્ર દ્વારા વધુ 600 ટીઆરબી (ટ્રાફિક બ્રિગેડ) જવાનોનો ઉમેરો કરવામાં આવશે. અંદાજે 90 લાખની વસતી ધરાવતા સુરત શહેરમાં ટ્રાફિક નિયમન માટે હાલ 1600 ટીઆરબી જવાનો ફરજ બજાવી રહ્યા છે. તેમાં વધુ 600 જવાનોનો ઉમેરો થતાં ટ્રાફિક વિભાગને કુલ 2200 જેટલા ટીઆરબી જવાનોનું માનવબળ ઉપલબ્ધ થશે.

સુરત શહેરનો વિસ્તાર સતત વિસ્તરી રહ્યો છે. બીજી તરફ વાહનોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગો, ચાર રસ્તાઓ, જંકશનો, બજારો અને શાળા-કોલેજોની આસપાસ ટ્રાફિકનું ભારણ સતત વધી રહ્યું છે. ખાસ કરીને સવાર અને સાંજના પીક અવર્સ દરમિયાન અનેક વિસ્તારોમાં વાહનચાલકોને ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરવો પડે છે.

મોડી રાતના સમયે તાડવાડીથી મોરાભાગળનો માર્ગ બન્યો ડેન્જર રોડ

3 મહિનામાં બેફામ કારચાલકોના આતંકથી અનેક અકસ્માત

ટેકરાવાળા સ્કૂલ પાસે કાર ચાલકે દસ વાહનોને અડફેટે લીધાં હતાં, કાળી ચૌદશની રાત્રે લક્ઝુરિયસ કાર પલટી મારી ગઇ



સુરતઃ તારવાડીથી મોરાભાગળ તરફ જતો રોડ છેલ્લા ત્રણ મહિનાથી રાતના સમયે થઈ રહેલા અકસ્માતોના કારણે ચર્ચામાં આવ્યો છે. આ માર્ગ પર બેફામ વાહનો હંકારતા ચાલકો દ્વારા વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા હોવાની ઘટનાઓ સામે આવી છે. બેફામ ઝડપે વાહન ચલાવતા ચાલકોના કારણે અન્ય વાહનચાલકો અને રાહદારીઓની સલામતી સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. તેમાં વધુ એક કાર શનિવારની રાત્રે પાલનપુર પાટિયા પાસે પલટી મારી ગઈ હતી.

આશરે ત્રણ મહિના પહેલાં રામનગરથી મોરાભાગળના માર્ગ પર પૂરઝડપે દોડતી કાર બીઆરટીએસ ડિવાઈડર સાથે અથડાઈને 200 ફૂટ દૂર સુધી પલટીઓ મારતી ગઈ હતી. ત્યારબાદ એક સપ્તાહ પહેલાં ટેકરાવાળા સ્કૂલ નજીક ઓલપાડના ભાજપના નેતાના પુત્રએ નશાની હાલતમાં કાર હંકારી દસ જેટલાં વાહનોને અડફેટે લીધાં હતાં. આ ઘટનાના ત્રણ દિવસ બાદ જ એક બાઇકચાલકે નશાની હાલતમાં ડિવાઇડર સાથે બાઇક અથડાવી અકસ્માત સર્જ્યો હતો. આ ઉપરાંત કાળી ચૌદશની રાત્રે પણ આ જ માર્ગ પર બેફામ ઝડપે દોડતી એક લક્ઝુરિયસ કાર ત્રણ પલટી મારી ગઈ હતી. એક પછી એક બની રહેલી આવી ઘટનાઓને પગલે રાતના સમયે તાડવાડીથી મોરાભાગળ રોડ જાણે અકસ્માત ઝોન બની રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે નશાની હાલતમાં વાહનો હંકારતા ચાલકો સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ માર્ગ પર નિયમિત વાહન ચેકિંગ, બ્રેથ એનાલાઇઝરથી તપાસ અને નશામાં વાહન ચલાવતા લોકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિક સ્તરે માંગ ઊઠી રહી છે.

રસ્તામાં પગ લપસતાં છાતીમાં પથ્થર વાગ્યો ને યુવકનો જીવ ગયો

લિંબાયતમાં પાઇપલાઇનના ખોદકામ બાદ રસ્તાનું સમારકામ ન કરાતાં પથ્થરો યથાવત્ હોવાનો પરિવારનો આક્ષેપ

સુરતઃ લિંબાયત વિસ્તારમાં પાઇપલાઇનના કામ માટે કરાયેલા ખોદકામ બાદ રસ્તાનું યોગ્ય સમારકામ ન કરાતાં રસ્તા પર પડેલા પથ્થરો એક યુવક માટે જીવલેણ સાબિત થયા હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. નુરાની નગરમાં રહેતો 25 વર્ષીય યુવક રાત્રે જમીને નાના ભાઈ સાથે ચાલવા નીકળ્યો હતો, ત્યારે સોસાયટીમાં પગ લપસતાં તે રસ્તા પર પડેલા પથ્થર પર પટકાયો હતો. છાતીમાં ગંભીર ઈજાના કારણે તેનું મોત નીપજ્યું હતું.

મૂળ મહારાષ્ટ્રનો વતની અને હાલ લિંબાયત નુરાનીનગરમાં રહેતો 25 વર્ષીય અસલમ રમઝાન ફકીર કાપડ માર્કેટમાં મજૂરીકામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. શનિવારે રાત્રે જમીને પોતાના નાના ભાઈ નાઝીમ સાથે સોસાયટીમાં ચાલવા નીકળ્યો હતો. દરમિયાન સોસાયટીમાં ચાલતી વખતે અચાનક તેનો પગ લપસતાં તે નીચે પટકાયો હતો. આ દરમિયાન રસ્તા પર પડેલા પથ્થર છાતીના ભાગે વાગતાં તેને ગંભીર ઈજાઓ પહોંચતા બેભાન થયો હતો. તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે અસલમને મૃત જાહેર કર્યો હતો. પરંતુ પરિવારજનો વધુ સારવારની આશાએ ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, ત્યાં પણ તબીબોએ તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. જેથી પરિવારજનો મૃતદેહ ઘરે લઈ ગયા હતા. બીજી તરફ ઘટનાની જાણ થતાં લિંબાયત પોલીસ અસલમના ઘરે પહોંચી હતી અને કાયદાકીય પ્રક્રિયા માટે મૃતદેહને ફરી નવી સિવિલ હોસ્પિટલ લઈ જવા સમજાવ્યું હતું. ત્યારબાદ પરિવારજનો મૃતદેહને નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં જરૂરી કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો.

અસલમના નાના ભાઈ નાઝીમે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી તેમની સોસાયટીમાં પાઇપલાઇન નાંખવા માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. કામ પૂર્ણ થયા બાદ ખોદકામ કરેલી જગ્યાને પૂરી દેવામાં આવી હતી, પરંતુ રસ્તાનું યોગ્ય રીતે સમારકામ કરવામાં આવ્યું નહોતું. જેના કારણે રસ્તા પર મોટા-મોટા પથ્થરો પડ્યા હતા. શનિવારે રાત્રે અસલમ ચાલવા નીકળ્યો ત્યારે આ જ પથ્થર પર પટકાતાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી અને અંતે જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. રસ્તાનું યોગ્ય સમારકામ ન થવાના કારણે એક પરિવારનો યુવાન દીકરો ગુમાવવાનો વારો આવ્યો હોવાની લાગણી પરિવારજનોએ વ્યક્ત કરી હતી.

દિવાળીની મધરાતે પાલનપુર નજીક ફટાકડાના તણખાથી કાર સળગી ગઈ

પાલ, રીયો એમ્પાયર નજીક ખુલ્લા પ્લોટમાં ઘાસમાં આગ લાગતા દોડાદોડી થઈ

સુરતઃ દિવાળીની રાત્રે ફટાકડા ફોડવાની ઉજવણી વચ્ચે શહેરમાં પાલ વિસ્તારમાં પુલ નજીક ખુલ્લી જગ્યામાં તથા પાલનપુર પાટિયા વિસ્તારમાં ટેકરાવાળા શાળા નજીક પાર્ક કરેલી કારમાં આગ લાગવાની ઘટનાઓ પણ સામે આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, દિવાળીની રાત્રે શહેરના વિવિધ વિસ્તારોમાં લોકો ફટાકડા ફોડીને તહેવારની ઉજવણી કરી રહ્યા હતા. દરમિયાન ફટાકડામાંથી ઉડેલા તણખા વાહનો સુધી પહોંચતાં આગ લાગવાની શક્યતા સર્જાઈ હતી. પાલ વિસ્તારમાં રિયો એમ્પાયર ખુલ્લી સુકા ઘાસમાં આગ લાગી ગઈ હતી,તથા ટેકરાવાળા સ્કૂલની સામે પાર્ક કરોલા કારમાં મધરાતના સમયે લાગેલી જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. કારમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. સ્થાનિક લોકોએ આગ બુઝાવવાના પ્રયાસો કર્યા હતા. બાદમાં ફાયર બ્રિગેડની ટિમે બન્ને જગ્યાએ પહોચી ને આગને કાબુમાં કરી હતી.

ગર્ભવતી પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદ

બપોરના દાળભાત રાત્રે જમવામાં આપતાં ઝઘડો થતાં પતિએ પત્નીનું ગળું દબાવી હત્યા કરી હતી



સુરતઃ ગર્ભવતી પત્ની આફરીનનું ગળું દબાવીને હત્યા કરનાર આરોપી પતિ ઈરફાન શેખ ઈશાક શેખને સેશન્સ કોર્ટનાં ન્યાયાધીશ આર.ડી. મહેતાએ દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

આ બનાવ તા. ૩૦ જૂન ૨૦૨૨ના રોજ ભરીમાતા રોડ મન્નત એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર બી-૫૧૩માં બન્યો હતો. કલરકામ કરતાં પતિએ કામ છોડી દેતાં આ બાબતે પતિ પત્ની વચ્ચે વારંવાર બોલાચાલી થતી હતી. ફરિયાદી ભાઈ શેખ નાઝીમને જાણ થઈ કે તેની બહેન આફરીન બેભાન થઈ ગઈ છે. જેથી ફરિયાદી, તેના માતા પિતા અને ભાઈ મૃતકના ઘરે પહોંચ્યા હતા જ્યારે બેભાન હાલતમાં મૃતકને પ્રાણનાથ હોસ્પિટલમાં લઈ ગયાં હતા. ત્યાંથી સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાતા ડોકટરે તપાસ બાદ આફરીનને મૃત જાહેર કરી હતી. મૃતકનાં પોસ્ટમોર્ટમ બાદ મૃતકનું ગળું દબાવી હત્યા કરાયાનો રિપોર્ટ આવતાં આરોપી બનેવી ઈરફાનએ ફરિયાદીની બહેનનું ગળુ દબાવી હત્યા કરી હોવાની ફરિયાદ ચોકબજાર પોલીસ સ્ટેશને ફરિયાદી ભાઈ શેખ નાઝીમે કરી હતી.

આરોપીએ બપોરનું બનાવેલું દાળભાત રાત્રે જમવામાં આપતાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને આરોપી પતિએ પત્નીનું ગળું દબાવી હત્યા કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી મુંજાલ બ્રહ્મભટ્ટ ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી પતિને આજીવન કેદની સજા અને ૨૫ હજારનો દંડ ફટકાર્યો હતો. આ ચુકાદો આપતી વેળા કોર્ટે મરણજનાર ગર્ભવતી હોય તેની કુંખમાં અન્ય એક જીવ પણ હતો. જેથી આરોપી દ્વારા આચરવામાં આવેલ ગુનાની ગંભીરતા પણ ધ્યાને લીધી હતી.

કાપોદ્રામાં બાઇક સ્લીપ થતાં ગેરેજચાલકનું મોત

સાવલિયા સર્કલ નજીક ગોદાવરી પાર્ક પાસે બનેલી ઘટનામાં ગંભીર ઇજા પહોંચી હતી

સુરતઃ મૂળ ભાવનગરના જૂના પાદરના વતની અને હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલી સત્યનારાયણ સોસાયટીના આનંદ એપાર્ટમેન્ટમાં રહેતા 32 વર્ષીય જશવંતસિંહ દિલુભા ગોહિલ સીમાડા નાકા પાસે કારનું ગેરેજ ચલાવતા હતા. પરિવારમાં પત્ની ઉપરાંત એક પુત્ર અને એક પુત્રી છે. શનિવારે રાત્રે જશવંતસિંહ ગેરેજનું કામ પૂર્ણ કરી બાઇક લઈને ઘરે પરત ફરી રહ્યા હતા.

દરમિયાન સાવલિયા સર્કલ નજીક ગોદાવરી પાર્ક પાસે અચાનક તેમનું બાઇક સ્લીપ થઈ જતાં ગંભીર ઈજા પહોંચી હતી. જે બાદ સ્મીમેર હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

ભાઇ બીજના દિવસે ચૌટાબજારના સાઇ મંદીર ખાતે મંગળ સ્નાન આરતી



ભક્તોની શ્રધ્ધા અને આસ્થાનું સ્થાન શ્રી સાઇબાબા મંદિર, ચૌટા બજાર ખાતે મંગળવારે વહેલી સેવારે 11.45 કલાકથી બાબાના જીર્ણોદ્ધાર પછીના ભવ્ય મંદિરમાં મંગળ સ્નાન, આરતી સાથે કેસર સ્નાન થશે. ભક્તો પિસ્તા દૂધ પ્રસાદી લઇ બાબાના આશીર્વાદ સાથે સફળતા પૂર્વક નૂતન વર્ષ શરૂ કરવા વિનંતી છે. દર્શન મંગળવાર દિવસભર ખુલ્લા રહેશે. અહીં દ્વારકા માઇ તથા ગુરુ સ્થાન જેને નિહાળી ભક્તો એક સૂરે કહે છે કે શ્રી ક્ષેત્ર શિરડીમાં બેઠા હોય તેવો અહેસાસ થાય છે.

અજરાઇ ખાતે ઢીંમર સમાજના મિલન મેળાનું આયોજન

સુરત : શ્રી કુળદેવી માતા મંદિર ટ્રસ્ટના પ્રમુખશ્રી જણાવે છે કે અજરાઇ તા.ગણદેવી ખાતે આવેલ શ્રી મનસાદેવી માતા મંદિર ખાતે તા.11-11-2026 બુધવારના ભાઇબીજના દિવસે મેળાનું આયોજન કરવામાં આવેલ છે. ઢીંમર સમાજના દરેક ભાઇઓ - બહેનોને પધારવા પ્રમુખ જયંતિભાઇ આર. ઢીંમર તરફથી અપીલ કરવામાં આવી છે.